## Appendix - ૧૧

## Gujarati Version of the Tools Used for the Study

ગૃહ વિજ્ઞાન વિસ્તરણ અને સંચાર વિભાગ

ગૃહ વિજ્ઞાન શાખા

મ. સ. યુનિવર્સિટી, વડોદરા.

ભાગ : ૨ ક્રમાંક :

ફક્ત વિદ્યાર્થીનીઓ માટે : આગલા વર્ષ/ સેમેસ્ટરની ગ્રેડ/ ટકા
તારીખ :

---

અ. સૂચના :- કાળજીપૂર્વક વાંચ્યા બાદ નીચે દર્શાવેલી વિગતો આપો.

૧. ધર્મ :

(દા. ત. હિન્દુ, મુસ્લિમ, શીખ, ક્રિશ્ચન, જૈન)

૨. (ક) જાતિ/જૂથ/સંપ્રદાય :

(ખ) પેટા જાતિ/પેટા જૂથ/પેટા સંપ્રદાય :

૩. પિતા/કુટુંબના વડાનો વ્યવસાય :-

(કામનો ચોક્કસ પ્રકાર દર્શાવવો
દા. ત. કારકુન, શિક્ષક, પ્રોફેસર, કોન્ટ્રાક્ટર, વગેરે)

૪. કુટુંબની કુલ આવક (માસિક) :

(ક) રૂ. ૬૦૦ થી ઓછી
(ખ) રૂ. ૬૦૧ થી ૧૦૦૦
(ગ) રૂ ૧૦૦૧ થી ૨૦૦૦
(ઘ) રૂ. ૨૦૦૧ થી ૪૦૦૦
(ચ) રૂ. ૪૦૦૧ થી ૧૦,૦૦૦
(છ) રૂ. ૧૦,૦૦૧ થી ૨૦,૦૦૦
(જ) રૂ. ૨૦,૦૦૦ થી વધુ

૫. નીચે દર્શાવેલ બાબતોમાંથી લાગુ પડતી કોલમમાં (✓) નિશાની કરો.

| શૈક્ષણિક લાયકાત | પિતાની | માતાની |
|---|---|---|
| (ક) અશિક્ષિત........ | ----- | ----- |
| (ખ) ચાર ધોરણ પાસ, લખી કે વાંચી શકે છે | ----- | ----- |
| (ગ) પ્રાથમિક સાત ધોરણ સુધી.... | ----- | ----- |

(ઘ) મેટ્રિક પાસ/ H.S.C. ----- -----

(ચ) ડિપ્લોમા ધારક ----- -----

(છ) બી.એ., બી.એસ.સી., બી.કોમ.,
(સ્નાતક) ------ -----

(જ) અનુસ્નાતક કે તેની સમકક્ષ ------ -----

(ઝ) એમ.ડી., એમ.એસ., એમ.ઇ.,
પીએચ.ડી. કે તેની સમકક્ષ ------ -----

૬. તમારા રહેઠાણનો પ્રકાર :

(પોતાની માલિકીનું, ભાડે અથવા
નોકરી દાતા દ્વારા આપવામાં આવેલું)

(ક) છાપરાવાળું ઝૂંપડું.... -----

(ખ) કોમન બાથરૂમ સાથે એક કે બે
બેડરૂમ -----

(ગ) સ્વતંત્ર બંગલો અથવા મોટો ફ્લેટ
અથવા ૩ થી ૪ રૂમનું રો-હાઉસ..... -----

(ઘ) સ્વતંત્ર બંગલો અથવા પાંચ રૂમનો
મોટો બંગલો.... -----

(ચ) પાંચ રૂમ અને બગીચાવાળો મોટો
બંગલો.... -----

૭. તમારે ઘેર હોય તે વાહનનો પ્રકાર.
(જો તમારી પાસે એક કરતાં વધુ વાહનો
હોય તો તેને અલગ રીતે દર્શાવવા)

(ક) સાયકલ .... -----

(ખ) સ્કૂટર, મોટર સાયકલ, મોપેડ...... -----

(ગ) રીક્ષા અથવા ટ્રેક્ટર.... -----

(ઘ) મોટર કાર અથવા સ્ટેશન વેગન..... -----

(ખ) યોગ્યતમ કારણ(કોઇપણ એક) સામે✓ની નિશાની કરો.

૧. તમે શા માટે સ્નાતકનો અભ્યાસક્રમ કરવા ઇચ્છો છો ?

(ક) નોકરી મેળવવા.... -----
(ખ) વ્યક્તિત્વના વિકાસ માટે... -----
(ગ) કુટુંબની મોટા ભાગની મહીલાઓ
સુશિક્ષિત છે... -----
(ઘ) આપના માતા-પિતા આપને વધુ
અભ્યાસ કરાવવા ઇચ્છે છે? -----
(ચ) સારો જીવનસાથી મળે તે માટે... -----

(છ) કુશળ ગૃહિણી બનવા માટે. . . . -----
(જ) અન્ય કોઇ પ્રવૃત્તિ ન હોવાથી. . . -----
(ઝ) સુનિશ્ચિત નથી. . . -----

૨. તમારો અભ્યાસ (ઉચ્ચ અભ્યાસ સહિત) પૂર્ણ કર્યા બાદ તમે શું કરવાનું વિચાર્યું છે ?

(ક) નોકરી/ સ્વરોજગાર/ બન્નેમાંથી કાંઇ જ નહી. -----
(ખ) અંશકાલીન નોકરી / અંશકાલીન સ્વરોજગાર -----
(ગ) પૂર્ણકાલીન નોકરી/ પૂર્ણ કાલીન સ્વરોજગાર -----

૩. તમારો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ કયા પ્રકારની નોકરી લેવાનું તમે વિચાર્યું છે ? (કોઇપણ એક ઉપર નિશાની કરો.)

(ક) અખિલ ભારતીય/ રાજ્ય વહીવટી સેવા/ રાજકીય કારકિર્દી

(ખ) એર હોસ્ટેસ/ રીસેપ્સનીસ્ટ/ કારકુન

(ગ) યુનિવર્સિટી / કોલેજ ટીચર / વહીવટદાર / પ્રરિયોજના અધિકારી માર્કેટીંગ મેનેજર

(ઘ) સંશોધક/ સંશોધક સહસાથી / વેચાણ અધિકારી/ શિક્ષણ/ અશાલેય શિક્ષણના તાલીમ અધિકારી

(ચ) અન્ય કોઇ (સ્પષ્ટતા કરો.)

| | |
|---|---|
| ફકત ખોરાક અને પોષણ માટે | (ક) આઇ. સી. એમ. આર. માં પોષણ સંલગ્ન કર્મચારી/ આહાર વિશેષજ્ઞ/ ફુડ ટેક્નોલોજીસ્ટ/ મોટી હોટલમાં આહાર સેવા પ્રબંધક/ બાયોકેમીસ્ટ. |
| | (ખ) ખાદ્ય ઉત્પાદન અંગેના રાષ્ટ્રીય કાર્યક્રમમાં પોષણશાસ્ત્રી/ ખાદ્ય પદાર્થના વિજ્ઞાપનકર્તા/ આતિથ્ય સેવા આપતી કંપનીમાં રીસેપ્શનીસ્ટ/ કેન્ટીન મેનેજર/ ભોજન સેવા આપતી સંસ્થામાં નિરિક્ષક. |
| ફકત ગૃહ સંચાલન માટે | (ક) મોટી હોટલમા એક્ઝીક્યુટીવ હાઉસકીપર/ નામાંકીત કંપનીમાં x ઇન્ટીરીયર ડીઝાઇનર |
| | (ખ) ગેસ્ટહાઉસ અથવા હોટલમાં હાઉસકીપર/ ગૃહ ઉપયોગી ચીજ વસ્તુ ના વિજ્ઞાપનકાર/ વોર્ડન |
| ફકત કાપડ અને વણાટ માટે | (ક) ટેક્ષટાઇલ કેમિસ્ટ/ ગારમેન્ટ ડીઝાઇનર/ ફેશન કન્સલ્ટન્ટ |

| | |
|---|---|
| | ( ભ ) ટેક્ષટાઇલ પ્રિન્ટર/ટેલર ગર્મેન્ટ એડવાઇઝર |
| ફક્ત શિક્ષણ અને વિસ્તરણ માટે | ( ક ) વિસ્તરણ નિયામક/વિસ્તરણ અધિકારી |
| | ( ખ ) વિસ્તરણ કાર્યકર/ સામાજીક કાર્યકર/ વિશેષ શિક્ષણ મેળવતા કામદારો માટેના તાલીમ કેન્દ્રના પ્રશિક્ષક |
| ફક્ત બાળ વિકાસ માટે | ( ક ) શિશુ માટે કાર્ય કરતી સંસ્થામાં નિરીક્ષક/ બાળ કલ્યાણ અધિકારી/પરિવાર અને બાળકલ્યાણ કાર્યક્રમના સલાહકાર. |
| | ( ખ ) નર્સરી સ્કૂલ શિક્ષક/ નર્સરી સ્કૂલ અથવા બાળ માર્ગદર્શન કેન્દ્ર/રમકડા બનાવતી કંપનીમાં સલાહકાર તરીકે અથવા અન્ય |

૪. તમે વિચાર્યુ હોય તે પ્રકારનું કામ તમને મળવાનો અવકાશ કેટલો છે તેની નિશાની કરી દર્શાવો.

(ક)---------- મને તક મળશે જ નહી તે નિશ્ચિત છે. (બિલકુલ નહી)

(ખ)---------- હું મેળવી લઇશ. (૫0 % તકો)

(ગ)---------- નિશ્ચિતપણે તક મળશે જ. (૧00%)

૫. તમે વિચાર્યુ હોય તે પ્રકારનું કામ મેળવવા તમે કેટલે અંશે પ્રયત્નશીલ છો ?

(ક)-------- કોઇ જ પ્રયત્ન નહી.

(ખ)-------- સામાન્ય પ્રયત્ન.

(ગ)-------- સઘન પ્રયત્ન.

૬. તમે વિચારેલ કામની પસંદગી પાછળ કયા મુખ્ય પ્રેરણાત્મક પરિબળો છે?

(ક)------- આ કામમાં વધુ નાણા મેળવી શકાય

(ખ)------- છોકરીઓ માટે આ કામ સર્વોત્તમ છે.

(ગ)------- પરિવારના અન્ય સભ્યો આ જ પ્રકારનું કામ કરે છે.

(ઘ)------- મહીલાઓ દ્વારા જ તેનું સંચાલન થાય છે.

(ચ)------- આ પ્રકારનું કામ પરિવારના સામાજીક દરજ્જા સાથે સુસંગત છે.

(છ)------- આ કામ સમાજને લાભકર્તા છે.

(જ)-------- તમને સ્વતંત્ર રીતે કામ કરવાની તક મળે છે.

(ઝ)-------- આ પ્રકારનું કામ પડકારરૂપ છે.

(ટ)-------- આથી સામાજીક દરજ્જો વધે છે.

(ઠ)-------- મારા મતે આ કામનું ઘણું મૂલ્ય છે.

(ડ)-------- બહારના ક્ષેત્રમાં પ્રવૃત્તિ કરવાની તક મળે છે.

(ઢ)-------- સત્તા મળે છે.

૭. તમારા કામના શોખ અને વ્યવસાયની પસંદગી બાબતમાં તમે તમારા માતા પિતા અને પરિવારના સભ્ય સાથે ચર્ચા કરી છે?

(ક) માતા-પિતા સાથે : હા/ના

(ખ) કુટુંબના અન્ય સભ્યો સાથે : હા / ના
જેવા કે મોટા ભાઇ બહેન

ક્રમાંક : __________

વિભાગ : ૨

(ક) કાળજીપૂર્વક વાંચ્યા બાદ તમારા કુટુંબને લાગુ પડતું હોય તેવા વિધાન સામે ' હા ' ઉપર વર્તુળ કરો તથા લાગુ પડતું ન હોય તો ' ના ' ઉપર વર્તુળ કરો.

| | વિધાન | લાગુ પડે છે | લાગુ પડતું નથી |
|---|---|---|---|
| ૧. | કુટુંબની કોઇપણ એક વ્યક્તિની લાગણીને દુભાવ્યા સિવાય અમારી રીતે જીવવાનું મુશ્કેલ છે. | હા | ના |
| ૨. | મહદઅંશે પરિવારના તમામ સભ્યો માતા-પિતાની ઇચ્છા મુજબ જ વર્તે છે. | હા | ના |
| ૩. | અમે અમારા ઘરમાં ટી. વી. જોઇને રેડીયો સાંભળીને અમારો સમય પસાર કરીએ છીએ. | હા | ના |
| ૪. | અમે ઘરમાં અવાર નવાર રાષ્ટ્રિય બાબતો ઉપર વાતચીત કરીએ છીએ. (સામાજીક, રાજકીય અને શૈક્ષણિક સમસ્યાઓ) | હા | ના |
| ૫. | મહીલા સભ્યોને ઇતર પ્રવૃતિઓ કરવા માટે ઉત્તેજન આપવામાં આવે છે, પછી ભલે તેને માટે પ્રતિકૂળ સમય અને પ્રવાસ જરુરી હોય. | હા | ના |
| ૬. | અમારા ઘરમાં નોકરો હોવા છતાં, ઘરના પ્રત્ય સભ્યોને કંઇને કંઇ કામ સોંપવામાં આવે છ જેવાં કે સાફસૂફી, ફર્નિચર ગોઠવવું, વગેરે. | હા | ના |
| ૭. | મારા કુટુંબના સભ્યો તેમના અભ્યાસ/ વ્યવસાયિક પ્રવૃતિઓમાં રચ્યા પચ્યા રહે છે તેથી એકબીજાનું દયાન રાખવા માટે ઘણો જ ઓછો સમય બચે છે. | હા | ના |
| ૮. | મારા કુટુંબના ઘણા સભ્યો ( કાકી, કાકા, પિતરાઇ) કલબ, સંસ્થાઓના સભ્યો, સેક્રેટરી અથવા પ્રમુખ છે. | હા | ના |
| ૯. | પરિવારના સભ્યો સાથે બેસીને ચર્ચા-વિચારણા કરીએ ત્યારે ઘરના પ્રત્યેક સભ્યને તેના પોતાના વિચારો પ્રદર્શિત કરવાની છૂટ હોય છે. | હા | ના |

| | વિધાન | લાગુ પડે છે | લાગુ પડતું નથી |
|---|---|---|---|
| ૧૦. | પૈસા કઇ રીતે કમાઇ શકાય અને કુટુંબની આવકમાં કેવી રીતે પૂરક બની શકાય તે બાબતોની અમે ચર્ચા કરીએ છીએ | હા | ના |
| ૧૧. | વડીલો, ઘણીવાર મહીલા સભ્યોને કુટુંબમાં થતી ચર્ચા વિચારણા માં ભાગ લેતા અટકાવે છે | હા | ના |
| ૧૨. | અમને સ્પર્શતી બાબતો અંગે વિચારણા કરીએ છીએ. | હા | ના |
| ૧૩. | નવીન બાબતો અંગે જાણકારી મેળવવાને અમારા કુટુંબમાં ઘણું મહત્વ આપવામાં આવે છે. | હા | ના |
| ૧૪. | ઘરની/ શાળાની / કોલેજની તથા કલબની કોઇપણ બાબત માં અંગત રસ લેવા માટે ઘરના સભ્યોને ઉત્તેજન આપવામાં આવે છે. | હા | ના |
| ૧૫. | નૃત્ય, જાહેર ચર્ચા, નાટક, જૂથ ચર્ચા અથવા કવીઝ સ્પર્ધા જેવા જાહેર કાર્યક્રમોમા કુટુંબની મહીલા સભ્યો ભાગ તે રુચતું નથી. | હા | ના |
| ૧૬. | સમય ફાજલ હોવા છતાં અમે બગીચાના કામ માટે માળી જેવા પગારદારની મદદ લેવાનું વધુ પસંદ કરીએ છીએ. | હા | ના |
| ૧૭. | જરુરીયાત જણાય ત્યારે પરિવારના સભ્યો એકબીજાને અવશ્ય મદદ કરે છે. | હા | ના |
| ૧૮. | કોઇપણ સંસ્થાનાં સભ્ય તો હોવું જ જોઇએ, એવું તમારા કુટુંબમાં માનવામાં આવે છે. | હા | ના |
| ૧૯. | મહીલા સભ્યો તેઓના અધિકાર માટે અવાજ ઉઠાવે તે માટે કુટુંબના સભ્યો દ્વારા સઘન ઉત્તેજન આપવામા આવે છે. | હા | ના |
| ૨૦. | શાળા/ કોલેજમાં આપવામાં આવતા ગ્રેડ/ ગુણ અથવા નોકરીમાં પ્રમોશન જેવી બાબતો અંગે અમારા કુટુંબનાં સભ્યો જવલ્લે જ ચિંતીત હોય છે. | હા | ના |

ક્રમાંક: _____________

ભાગ : ૩

(I) વ્યક્તિઓનું વર્ણન કરતાં કેટલાંક વિધાનો નીચે આપેલાં છે, તે પૈકી :-

* જે વિધાન લાગુ પડતું હોય તેવા વિધાન સામે 'મ' ફરતે વર્તુળ કરો.

* જે વિધાન તમને થોડા સમય માટે લાગુ પડતું હોય ત્યાં 'ક' ફરતે વર્તુળ કરો.

* જે વિધાન તમને ક્યારેય અથવા તો બિલકુલ લાગુ પડતું ન હોય ત્યાં 'ન' ફરતે વર્તુળ કરો.

| | વિધાન | ઘણી વખત | થોડો સમય | ક્યારેય/ કદિ નહી. |
|---|---|---|---|---|
| (અ) | | | | |
| ૧. | મારા પરિવારની ઇચ્છા મુજબ હું અભ્યાસ કરવાનું પસંદ કરું છું. | મ | ક | ન |
| ૨. | મારા મિત્રોની પસંદગી હું જ કરું છુ. | મ | ક | ન |
| ૩. | મારા માટે કયા સૌંદર્ય પ્રસાધનો ખરી તે મારા માતા-પિતા નક્કી કરે છે. | મ | ક | ન |
| ૪. | મારી કારકિર્દી કયા સ્થળે, કયા પ્રકારની અને કેટલા પગાર ધોરણથી કરવી તેની પસંદગી મારા ઉપર છોડવામાં આવી છે. | મ | ક | ન |
| ૫. | મારા માટે વસ્ત્રોની પસંદગી મારી બહેન અથવા માતા કરે છે. | મ | ક | ન |
| ૬. | લગ્ન માટેની બાબતોમાં મને પુછવામાં આવે છે/આવશે. | મ | ક | ન |
| ૭. | મારે કયા પ્રકારનું વાહન લેવું તેની પસંદગી મારા માતા-પિતા કરે છે. | મ | ક | ન |
| ૮. | અન્યનો અભિપ્રાય પૂછ્યા પછી પણ હું મેં લીધેલા નિર્ણયને વળગી રહું છું. | મ | ક | ન |
| ૯. | મારા માતા-પિતા મિત્રો પસંદ કરે તે ઉમેદવારને હું મત આપું છું. | મ | ક | ન |
| ૧૦. | હું મારા મિત્ર/બહેન/માતા-પિતાએ સૂચવેલા સ્થળે પિકનીક માણવા જાઉં છુ | મ | ક | ન |

| | વિધાન | ઘણે વખત | થોડો સમય | કયારેય/ કદિ નહી. |
|---|---|---|---|---|
| (બ) | | | | |
| ૧૧. | મને મારી જાત માટે આનંદ અને ગૌરવ છે | મ | ક | ન |
| ૧૨. | હું મારા મિત્રને મારાથી ચઢિયાતા ગણું છું. | મ | ક | ન |
| ૧૩. | હું સભાઓમાં અગ્રગણ્ય સ્થાન લઉં છ | મ | ક | ન |
| ૧૪. | હું મારી લાયકાત પ્રમાણેની આબરુદાર નોકરી મેળવવા ઇચ્છું છું. | મ | ક | ન |
| ૧૫. | વર્ગમાં થતી ચર્ચામાં હું મારો અભિપ્રાય વિના સંકોચે રજૂ કરું છું. | મ | ક | ન |
| ૧૬. | ઘેર આવતા અગત્યના મહેમાનો સાથે છૂટ વાત કરતાં થોડો સંકોચ થાય છે. | મ | ક | ન |
| ૧૭. | જો કોઇ મારું અપમાન કરે તો મને ખુબ જ દુ:ખ થાય છે. | મ | ક | ન |
| ૧૮. | સત્તાધિકારીઓને સુચનો આપતાં મને સંકોચ થાય છે. | મ | ક | ન |
| ૧૯. | હું નામાંકિત સંસ્થાઓમાં જ અભ્યાસ કરવાનું પસંદ કરું છું. | મ | ક | ન |
| ૨૦. | જો મારા માતા-પિતા /મિત્રો દ્વારા મારી માનહાનિ જણાય તો ત્યાંથી દુર જઉં છું. | મ | ક | ન |
| (ક) | | | | |
| ૨૧. | મારી સમસ્યા અંગે સત્તાવાળા સમક્ષ રજૂઆત કરવા હું સક્ષમ છું. | મ | ક | ન |
| ૨૨. | છોકરીઓની મશ્કરી - છેડતી કરનાર છોકરાઓને જોઇને હું બેચેન બની જાઉં છું. | મ | ક | ન |
| ૨૩. | જો આવશ્યકતા ઉભી થાય તો હું રાત્રિની મુસાફરી કરી શકું છું. | મ | ક | ન |
| ૨૪. | જયાં સુધી અન્ય કોઇ પરિસ્થિતિમાં સુધારો ન કરે ત્યાં સુધી અમુક પરિસ્થિતિમાં હું મુંગે મોઢે સહન કરી જાઉં છું, જેવી કે વર્ગમાં બેસવાની વ્યવસ્થા ન હોય, કેન્ટીનમાં કે મેસમા હલકા પ્રકારનું ભોજન હોય. | મ | ક | ન |

| વિધાન | ઘણી વખત | થોડો સમય | ક્યારેય/ કદિ નહી. |
|---|---|---|---|
| ૨૫. બસમાં કે રસ્તા ઉપર જો ઇરાદાપુર્વક મને કોઇ હેરાન કરે તો હું તેનો સ કરું છું. | મ | ક | ન |
| ૨૬. સમાજમાં મહિલાઓ સાથે થતા પક્ષપાતો/ ભેદભાવ સામે હું વિરોધ નોંધાવું છું | મ | ક | ન |
| ૨૭. ભવિષ્યમાં મુશ્કેલી ઉભી કરે તેવી સંભાવના હોય તો તેવા કિસ્સામાં પણ બીજાને મદદ કરવા તૈયાર હોઉં છું. | મ | ક | ન |
| ૨૮. મને ઇન્ટરવ્યુમાં જતાં બીક લાગે છે | મ | ક | ન |
| ૨૯. હું હંમેશા સત્યને પક્ષે જ રહું છુ ભલે પછી તેની માટે કોઇપણ કિંમત ચુકવવી પડે. | મ | ક | ન |
| ૩૦. મગજમાં કોઇપણ જાતના ઉશ્કેરાટ રાખવા કરતાં સંબધિત વ્યકિતને જ હું પુછી છું. | મ | ક | ન |
| (ક) | | | |
| ૩૧. કોલેજ-ડે ની ઉજવણી ના આયોજનમાં મારી સલાહ લેવામાં આવે છે. | મ | ક | ન |
| ૩૨. સમુહ જુથ ચર્ચામાં આગેવાની લેતાં મને સંકોચ થાય છે. | મ | ક | ન |
| ૩૩. મારા વર્ગમાં પ્રશ્નો અને સમસ્યાઓ હું સત્તાવાળાઓ સુધી પહોંચાડું છું. | મ | ક | ન |
| ૩૪. હું મારા મિત્રોએ કરેલી ફેશનનું અનુકરણ કરતું. | મ | ક | ન |
| ૩૫. શિક્ષકની ગેરહાજરીમાં વર્ગની જવાબદારી મને સોંપવામાં આવે છે. | મ | ક | ન |
| ૩૬. પ્રદર્શન, ચિત્રો જેવી સામુહિક પ્રવૃત્તિમાં તેના સંચાલન માટે મારી શકિત ઓછી છે. | મ | ક | ન |
| ૩૭. સામુહિક પ્રવૃત્તિની આગેવાની લેવા માટે હું સમયની સેવા આપું છું. | મ | ક | ન |
| ૩૮. સમુહ સમક્ષ બોલવાનાં આત્મવિશ્વાસનો મારામાં અભાવ છે. | મ | ક | ન |

| વિધાન | ઘણો વખત | થોડો સમય | ક્યારેય/ કદિ નહીં. |
| --- | --- | --- | --- |
| ૩૯. કોલેજમાં ઇતર પ્રવૃત્તિમાં ભાગ લેવા માટે હું મારા વર્ગનાં વિધ્યાર્થીઓને તૈયાર કરું છું. | મ | ક | ન |
| ૪૦. પરીક્ષા મોકુફી, અભ્યાસ, પ્રવાસ વગેરે જેવી બાબતો માટે શિક્ષક સમક્ષ રજૂઆત કરવા મારા મિત્રો મને જ કહે છે. | મ | ક | ન |
| (ઇ) | | | |
| ૪૧. મારા મોટા ભાગના ડ્રેસ મારા સાથી વિધ્યાર્થીઓ જેવાં છે. | મ | ક | ન |
| ૪૨. પોતાની જાતે ભરત કરેલા રૂમાલને બદલે હું તૈયાર પ્રિન્ટેડ રૂમાલ વાપરવાનું પસંદ કરું છું | મ | ક | ન |
| ૪૩. હું મારા હાથે બનાવેલા દિવાળી કાર્ડ મારા મિત્રોને મોકલવાનું વધુ પસંદ કરું છું. | મ | ક | ન |
| ૪૪. જો કોઇ નવતર બને તો નાની ચીજ વસ્તુઓ/સામગ્રી ઉપર પ્રયોગ કરવાનું મને ગમે છે. | મ | ક | ન |
| ૪૫. હું ઘણી જ સાહજિકતાથી નવા પ્રોજેક્ટો મળી શકું છું. | મ | ક | ન |

(II) સૂચના : નીચે કેટલીક પરિસ્થિતિ દર્શાવી છે, જે તમે તમારા ઘરમાં, કોલેજમાં તેમજ અન્ય સ્થળોએ અવારનવાર રોજીંદા જીવનમાં અનુભવો છો, આવી પરિસ્થિતિ ઉપસ્થિત થાય તે સમયે તમે શું કરશો? દરેક પરિસ્થિતિ માટે ત્રણ વિકલ્પો આપવામાં આવ્યા છે, સંબંધિત પરિસ્થિતિ માં તમે જે નિર્ણય લેવાનું પસંદ કરો તે વિકલ્પ સાથે આપવામાં આવેલ જગ્યામાં (✓) ની નિશાની કરો, મહેરબાની કરીને કોઇપણ બાબત જવાબ આપ્યા વગર ખાલી રાખશો નહીં.

(અ)
૧. વ્યાજબી કારણોસર કોલેજના સત્તાવાળાઓની સામે વિરોધ પ્રદર્શનમાં તમે ભાગ લેવા ઇચ્છો છો, તમારા માતા-પિતા તે બાબતનો વિરોધ x કરે છે, તો તમે-

________ (ક) તમારા માતા-પિતાની આજ્ઞા માનશો,
________ (ખ) તમારા માતા-પિતાની નામંજૂરી હોવા છતાં તમે વિરોધ પ્રદર્શનમાં જોડાશો,
________ (ગ) ટોળીમાં રહીને જ વિરોધ કરશો,

૨. તમારે પાર્ટીમાં જવાનું છે, તો તમે-

_______(ક) તમારો પોતાનો પહેરવેશ અને અન્ય વસ્તુઓ જાતે જ પસંદ કરશો.

_______(ખ) તમારો પહેરવેશ અને અન્ય વસ્તુઓ પસંદ કરવા બીજાની સલાહ લેશો.

_______(ગ) તમારા કુટુંબ/મિત્રો ની ભલામણ પ્રમાણેનો પહેરવેશ અને અન્ય વસ્તુઓ પહેરશો.

૩. તમારા માતા-પિતા, શિક્ષકો અને મિત્રોની સાથે સલાહ-મસલત કર્યા પછી તમને વધુ અભ્યાસ માટે વિષયની પસંદગી કરવાની સ્વતંત્રતા આપવામાં આવે તો તે વખતે તમે-

______(ક) તમારા પોતાના રસનો વિષય પસંદ કરશો?

______(ખ) તમારા માતા-પિતા અને શિક્ષકો જેમાં વિપુલ તક ઉપલબ્ધ છે તેમ માને છે તેવું ક્ષેત્ર પસંદ કરશો?

______(ગ) તમે તમારા માતા-પિતા અને શિક્ષકો જે ક્ષેત્રમાં થોડા ઘણાં અંશે વૈચારિક સામ્યતા ધરાવતા હો, તે પસંદ કરશો.

૪. તમે ભણવામાં ઘણાં હોંશિયાર છો. પરંતુ તમે જે કુટુંબમાંથી આવો છો તે કુટુંબ રુઢિચુસ્ત વિચારસરણી ધરાવતું હોઇ છોકરીઓના નાની ઉંમરમાં લગ્ન કરી દેવામાં માને છે, અને તમારા માતા-પિતા તમને પણ વહેલા લગ્ન કરવા આગ્રહ કરે છે અને તમને ધમકી આપે છે કે વધુ અભ્યાસ કરવા માટે તમને કશી નાણાકીય મદદ કરશે નહી. તો તમે શું કરશો?

______(ક) તમે તમારા માતા-પિતા સામે દલીલ કરશો અને ઉચ્ચ અભ્યાસ માટે શિષ્યવૃત્તિ મેળવવા પ્રયત્ન કરશો.

______(ખ) તમારા માતા-પિતાની ઇચ્છા પ્રમાણે લગ્ન કરી લેશો.

______(ગ) એક વર્ષની ટૂંકી મુદતનો અભ્યાસ કરશો, અને પછી પરણી જશો.

૫. તમને જો તમારો જીવનસાથી પસંદ કરવાનો હોય, તો તમે શું કરશો?

_______(ક) તમારી પોતાની પસંદગી

_______(ખ) તમારી પસંદગી પાત્રને તમારા માતા-પિતા પણ પસંદ કરે તેમ તમે સમજાવશો, અને તેમની સંમતિ મળે ત્યાં સુધી રાહ જોશો.

_______(ગ) ફકત તમારા માતા-પિતાની પસંદગી ના પાત્રને.

(B)

૬. તમારા પરિવારના કોઇ સભ્ય તમને અવારનવાર "નકામા" અને "બિનઉપયોગી" ગણાવ્યા કરતા હોય, તો તમે

_____(ક) તમારી લાગણી દર્શાવ્યા વિના અંદર ને અંદર દુ:ખી થાઓ છો.

_____(ખ) તેની અવગણના કરો છો.

_____(ગ) ગુસ્સે થઇ તેનો વિરોધ કરો છો.


૭. તમારે તમારી બહેનપણી સાથે કોઇ વાત ઉપર દલીલો થઇ રહી છે અને તેણી એકાએક અપશબ્દો બોલવાનું શરુ કરે, તો તમે

______(ક) તે સહન કરી લેશો.

______(ખ) અન્ય બહેનપણીઓને પેલીને સમજાવવા કહેશો.

______(ગ) ત્યાંથી દુર ચાલ્યા જશો અને જ્યાં સુધી તેણી દીલગીરી વ્યકત ન કરે ત્યાં સુધી તેણીની સાથે બોલશો નહી.

૮. તમારા ભાઇ-બહેન ની સરખામણીમાં, તમારી ખોરાક, વસ્ત્રો, તથા શિક્ષણના જરુરિયાતની બાબતમાં, તમે તમારી જાતને કયા સ્થળે મુકશો. નીચે ક્રમ દ્વારા દર્શાવેલા સ્તર પૈકી તમારા સ્તરના ક્રમ ફરતે વર્તુળ કરો.





૯. જો તમારા સહાધ્યાયીઓ તમારા પહેરવેશ બાબત ટીકા કરે, તો તમે-

________(ક) તમારા કપડાની શૈલી બદલી નાખશો.

_______ (ખ) તમારા કપડાની શૈલીમાં સુધારો કરશો.

_______ (ગ) તમારા કપડાની શૈલી (સ્ટાઇલ) ચાલુ રાખશો.

૧૦. એક મોટા હોલ (સભાખંડમાં એક શૈક્ષણિક કાર્યક્રમ યોજવાનો છે. તમે જ્યારે ખંડમાં પ્રવેશો છો ત્યારે કેટલાંક લોકોએ જુદી જુદી જગ્યાએ બેઠકો લઇ લીધી છે. તમને ઇચ્છો ત્યાં બેસવાની છૂટ છે. તમે જ્યાં બેસવા ઇચ્છતા હોય તે અક્ષરની ફરતે વર્તુળ કરો.




(C)

૧૧. તમે બીજા દ્વારા સાંભળ્યું છે કે, તમારો મિત્ર તમારા વિશે અફવાઓ ફેલાવે છે કે ગંભીર અને અન્યાયકર્તા સાબિત થવાની સંભાવના છે, તો સામાન્ય રીતે તમે.....

_______(ક) તેને ગણકારશો નહી.

______(ખ) તમારા મિત્ર સાથે આ બાબત ઘર્ષણ માં આવશો.

______(ગ) તમારા મિત્રોને તેણી પાસે મોકલશો અને અફવાઓ ફેલાવવાનું બંધ કરવા કહેશો.

૧૨. તમે સિનેમાની ટીકીટ લેવા માટે લાઇનમાં રાહ જોતા ઉભા છો, આ વખતે કોઇ વ્યકિત તમારો વિરોધ હોવા છતાં તમારાથી આગળ ઘુસવા પ્રયત્ન કરે છે, અને લાઇનમાંથી ખસતી નથી, સામાન્ય રીતે તમે-

_______(ક) થોડા સમય માટે મનોમન ગુસ્સે થશો અને ભુલી જશો.

_______(ખ) ઘુસણખોરને લાઇનની બહાર કાઢી મુકશો અને તમારી ટીકીટ લેશો.

_______(ગ) અન્ય કોઇ વ્યકિત આ બાબતે વિરોધ નોંધાવશે તો તમે પણ તેની સાથે જોડાઇ જશો.

૧૩. તમે સાંભળ્યું છે કે, તમારી યુથ કલબનાં હોદેદારો યુનિયનના ફંડનો દુરુપયોગ કરે છે, તમારો પ્રતિભાવ શું હશે?

_______(ક) તમે તેમની પાસે હિસાબ માંગશો.

_______(ખ) અન્ય કોઇ વ્યકિત વખત આવે તેમને પકડી પાડશે તેમ માની શાંતિથી બેસી રહેશો.

_______(ગ) તમે અન્ય જવાબદાર સભ્યોને હિસાબ માંગવા કહેશો.

૧૪. તમને દિલ્હીમાં નોકરી માટે પ્રસ્તાવ પત્ર (ઓફર લેટર) મળે છે, તમે શું કરશો?

_______(ક) તે પ્રસ્તાવ સ્વીકારી લેશો અને એકલા રહેશો.

_______(ખ) તે પ્રસ્તાવને નકારી કાઢશો.

_______(ગ) તે નોકરી સ્વીકારી લેશો અને તમારા કોઇ એક સંબંધી જે તમારી સાથે રહી શકે તેને તમારી સાથે લઇ જશો.

૧૫. તમે એકલા ચાલતા જતા હો, ત્યારે તમે જુઓ છો કે કોઇ માણસ પત્નીને મારી રહ્યો છે, આ પરિસ્થિતિમાં તમે શું કરશો?

_______(ક) તમે આ પરિસ્થિતિને અવગણશો.

_______(ખ) તમે ત્યાં જઇને તે માણસનો વિરોધ કરી તે મારતો બંધ થાય તેમ કરવા કહેશો.

_______(ગ) તમે બીજી વ્યકિતઓને બોલાવીને તે માણસનો વિરોધ કરી તે મારતો બંધ થાય તેમ કરવા કહેશો.

(D)

૧૬. તમારા શિક્ષકે અભ્યાસક્રમ પુરો કર્યો નથી અને પરીક્ષામાં જે શીખવાડયું ન હોય તેમાંથી પણ પ્રશ્ન પૂછવામાં આવ્યા છે. તો તમે શું કરશો?

______(ક) શાંત રહેશો.

______(ખ) ખાસ ગુણાંક મુકવા માટે અપીલ કરવા આગેવાની લેશો.

______(ગ) અન્ય કોઇ ખાસ બાબતે આગેવાની લે તો તેને ટેકો આપશો.

૧૭. તમારા ઘેરથી કોલેજ જતી બસ તેના નીયત સમયઅનુસાર ચાલતી નથી, જેથી તમને અને અન્ય વિધ્યાર્થીઓને તકલીફ પડે છે. તો તમે શું કરશો?

_______(ક) તે બાબતની અવગણના કરશો.

_______(ખ) સત્તાવાળાઓ સમક્ષ તમે પોતે વિરોધ કરશો.

_______(ગ) વિરોધ કરતા જૂથની સાથે તમે જોડાઇ જશો.

૧૮. તમને જ્યારે જેવું લાગે કે હોસ્ટેલ કે કેન્ટીનમાં મળતું ખાવાનું તેની કિંમત ના પ્રમાણમાં બરાબર નથી તો તમારી પ્રતિક્રિયા શું હશે?

_______(ક) તમે તમારા મિત્રોને ફરિયાદ કરશો, પણ તે ખાશો.

_______(ખ) તમે એક જૂથ બનાવીને વોર્ડન પાસે આ બાબતે વિરોધ કરશો.

_____ (ગ) તમે તમારા મિત્રોને આ બાબત ફરિયાદ કરવા કહેશો અને તેમાં ટેકો આપશો.

૧૯. કોલેજ-ડે માટે તમારા વિભાગનો કાર્યક્રમ મુકવાનો હોય તો તમે,

_______(ક) કોઇ બીજા દ્વારા ફરજ પડાય તો જ ભાગ લેશો.

_______(ખ) તમારા સહાધ્યાયીઓની શકિતઓને ઓળખી તેમને યોગ્ય પ્રેક્ટીસ કરાવી કાર્યક્રમમાં તેઓ ભાગ લેશે તેની ખાત્રી આપશો.

_______(ગ) કાર્યક્રમમાં ભાગ લેવાની બાબત ટાળશો.

૨૦. તમારા શિક્ષક તમારા કલાસની પરીક્ષામાં તારીખ નકકી કરવા માગે છે, તમે-

_______(ક) તમારા સહાધ્યાયીઓ સાથે વાત કરી તારીખ નકકી કરી તે શિક્ષકને જણાવવાની જવાબદારી લેશો.

_______(ખ) બીજાઓને તે નકકી કરવા દેશો અને તમે તે સ્વીકારી લેશો.

_______(ગ) તમે તમારા મિત્રો સાથે તારીખ નકકી કરશો અને તમારા જૂથ સિવાયના અન્ય વ્યકિતને તે શિક્ષકને મળવા અને તારીખ જણાવવાનું કહેશો.

(ઇ)

૨૧. તમારા મિત્રની પુત્રીની પહેલી વર્ષગાંઠ પ્રસંગે તમને આમંત્રણ આપવામાં આવ્યું છે. તમે જન્મદિવસની ભેટ વખતે શું આપશો?

_______(ક) તમે રોકડા પૈસા આપશો.

______ (ખ) તમે એક વેલ્વેટ, ફલેનલ, કપડાનું રમકડું ખરીદીને ભેટ આપશો.

______ (ગ) તમે એક નાનકડું બેબી ફ્રોક અથવા અન્ય કપડાં સીવીને ભેટ આપશો.

૨૨. તમારી પાસે લાલ, ભૂરો અને પીળો એમ ત્રણ જ રંગના ફેબ્રીક પેઇન્ટ છે. તમારે એક ટેબલક્લોથ ઉપર ચિત્રકામ કરીને આપવાનું છે. તમારી પાસે નાણાંની પણ તંગી છે. તો તમે શું કરશો?

______(ક) તમે તમારા સહાધ્યાયી પાસેથી ઉછીના લઇને બજારમાંથી બીજા રંગ ખરીદીને તે વધુ સુંદર લાગે તેમ કરશો.

______(ખ) ઉપલબ્ધ રંગોમાંથી મેળવણી કરી નવા રંગો બનાવી સુંદર, યોગ્ય ચિત્રકામ કરશો.

______(ગ) જે છે તે જ અને તેવા રંગોનો ઉપયોગ કરીને ચિત્રકામ કરશો.

૨૩. તમે તમારા ઘરે આવતા મેગેઝીનમાં સુંદર, આકર્ષક જુદી જુદી ડીઝાઇન ના વસ્ત્રો જુઓ છો. તો તમે

______(ક) તે ડીઝાઇન કાપી લઇ તમારી પાસે રાખશો.

______(ખ) તે મેગેઝીન જેવાં છે તેવાં તમારી પાસે રાખશો.

______(ગ) અલગ અલગ ઉપયોગની, અલગ અલગ ડીઝાઇન કાપીને તેની ફાઇલો બનાવશો.

૨૪. તમારા માતા-પિતા યાત્રાએ ગયા છે અને ઘેર તમે એકલા જ છો. તમારા એક કાકાએ તમને ખેતરમાંથી દસ કીલો કેરી મોકલી છે. તો તમે શું કરશો?

_____(ક) તમારા પાડોશી અને મિત્રોને વહેંચી ને ખલાસ કરી નાખશો.

_____(ખ) તેમાંથી થોડીક તમે વહેંચશો અને બાકીમાંથી જામ, જેલી, અથાણા વગેરે બનાવશો.

_____(ગ) કેરી પાકવા દેશો અને જેમ પાકે તેમ શકય તેટલી વધુ કેરી ખાઇ જશો અને બાકીની ફેંકી દેશો.

૨૫. બાળકોનાં ખોરાક, કપડાં, રમત ગમતની પ્રવૃત્તિ, રમકડાં વગેરે બાબત તમારે લેખ તૈયાર કરીને આપવાનો છે, તો તમે શું કરશો? તમે તેની ફાઇલ :


______(ક) ફકત સરસ રીતે લખીને આપી દેશો.

______(ખ) ફકત તેને લગતાં કટીંગ્સ અને લખાણ આપશો.

_____ (ગ) લખાણની સાથે યોગ્ય સંબંધિત ચિત્રો અને કટીંગ્સ પણ આપશો.

૨૬. નીચે થોડાંક ચોરસ અને ગોળ આપેલાં છે. તેમાંથી ગમે તે એકની પસંદગી કરી રંગોળી માટે યોગ્ય ડીઝાઇન તૈયાર કરો.

૨૭. નીચે બે વર્તુળો આપેલાં છે. તેમાંથી બાળકોને રમવા માટેના એક વેલ્વેટ, ફલેનલ, કપડાંનાં રમકડાંની ડીઝાઇન તૈયાર કરો.



૨૮. કોઇપણ પ્રકારનાં ભરત ભરેલાં કાપડમાંથી બનાવી શકાય તેવાં તોરણની ડીઝાઇન બનાવો કે જેને તમારા ઘરમાં લટકાવી શકાય.

૨૯. નીચે દર્શાવેલ વસ્તુઓનાં હેતુ ઉપરાંત, અન્ય હેતુસર વધુમાં વધુ કેટલાં હેતુસર ઉપયોગ થઇ શકે તે લખો. ઉદા. તરીકે, પેનનો ઉપયોગ લીટી દોરવા માટે ફુટપટ્ટી તરીકે પણ ઉપયોગ થઇ શકે.

| (અ) બે મીટર લાંબુ સાદું રંગીન કાપડ | (બ) સાદો કાગળ (૯" x ૧૪") |
|---|---|
| (૧) | (૧) |
| (૨) | (૨) |
| (૩) | (૩) |
| (૪) | (૪) |
| (૫) | (૫) |
| (૬) | (૬) |
| (૭) | (૭) |
| (૮) | (૮) |
| (૯) | (૯) |
| (૧૦) | (૧૦) |
| (૧૧) | (૧૧) |
| (૧૨) | (૧૨) |
| (૧૩) | (૧૩) |
| (૧૪) | (૧૪) |
| (૧૫) | (૧૫) |

ક્રમાંક : ------------

ભાગ : ૪

(I)

કેટલાંક નૈતિક મુલ્યો દર્શાવતા વિધાનોની યાદી નીચે આપેલી છે.
જો તમે-

* મહદઅંશે એ વિધાન સાથે સંમત થતા હોય તો "મ" ફરતે વર્તુળ કરો.
* કેટલેક અંશે એ વિધાન સાથે સંમત થતા હોય તો "ક" ફરતે વર્તુળ કરો.
* નહીવત અંશે અથવા બિલકુલ સંમત ન થતા હોય તો "ન" ફરતે વર્તુળ કરો.

| વિધાન | મહદ અંશે | કેટલેક અંશે | નહીવત/ બીલકુલ નહી |
|---|---|---|---|
| (અ) | | | |
| ૧. પડદા પદ્ધતિ/માથું ઢાંકવાની પ્રથ છોકરીઓ માટે સારી છે. | મ | ક | ન |
| ૨. કુટુંબમાં નિર્ણય લેવાની બાબતમાં છોકરા અને છોકરીને સરખી તક આપવી જોઇએ. | મ | ક | ન |
| ૩. પોતાના ભવિષ્ય માટે છોકરા કરતાં છોકરીઓને પૂજા પાઠ અને ઉપવાસની તાલીમ આપવી જોઇએ. | મ | ક | ન |
| ૪. કામ કરવાની મોકળાશ અને અનુકૂળતા રહે તેવા વસ્ત્રો પહેરવાની છોકરીઅ છૂટ આપવી જોઇએ. | મ | ક | ન |
| ૫. માતા કરતા પિતાને વધુ માન આપવું જોઇએ કારણ કે તે કુટુંબ માટે x લાવે છે. | મ | ક | ન |
| ૬. છોકરા અને છોકરીઓ બન્નેને શાળાના સમય બાદ રમતો રમવાની છૂટ આપવી જોઇએ. | મ | ક | ન |
| ૭. કુટુંબમાં પુરુષ સભ્યોને સારું ખાવાનું આપવું જોઇએ. | મ | ક | ન |
| ૮. માંદગીના સમયમાં સ્ત્રીઓને પુરુષ સભ્યો જેટલું જ ધ્યાન આપવું જોઇએ | મ | ક | ન |
| ૯. છોકરાં કરતાં છોકરીઓને તેમના કામ વિનમ્ર રહેવાની તાલીમ આપવી જોઇઅ | મ | ક | ન |
| ૧૦. છોકરાં છોકરીઓને શિક્ષણમાં સમાન મળવી જોઇએ. | મ | ક | ન |

| | વિધાન | મહદ અંશે | કેટલેક અંશે | નહીવત/ બીલકુલ નહી |
|---|---|---|---|---|
| (બ) | | | | |
| ૧૧. | કુટુંબમાં રહેવાથી વ્યકિતને સામાજ દરજ્જો મળે છે. | મ | ક | ન |
| ૧૨. | કુટુંબ મહત્વ વિનાની સંસ્થા છે. મ | | ક | ન |
| ૧૩. | જરુરીયાતના સમયે, કુટુંબ તેના સભ્યને ટેકો આપે છે. | મ | ક | ન |
| ૧૪. | વ્યકિતત્વ વિકાસ માટે કુટુંબનું મહત્ ઓછું છે. | મ | ક | ન |
| ૧૫. | તમે કોઇ જગ્યાએ કોઇકની સાથે સંકળાયેલ છો તેવી સદભાવના કુટુંબ જગવે છે. | મ | ક | ન |
| ૧૬. | કુટુંબનાં બધા સભ્યો પરસ્પર વધુ પડતા આધારિત રહે છે. | મ | ક | ન |
| ૧૭. | મુશ્કેલી ના સમયે, કુટુંબને કારણ સુરક્ષાની લાગણી થાય છે. | મ | ક | ન |
| ૧૮. | કુટુંબમાં પ્રત્યેક સભ્યને ઘણો ત્યાગ કરવો પડે છે. | મ | ક | ન |
| ૧૯. | કુટુંબ વ્યકિતને સમાજમાં યોગ્ય સ્થાન આપે છે. | મ | ક | ન |
| ૨૦. | કુટુંબમાં સંબંધીના બીનજરુરી જોડાણો રહે છે. | મ | ક | ન |

વ્યકિતઓનું વર્ણન કરતાં કેટલાક વિધાનો નીચે આપેલા છે તે પૈકી -

* **જે વિધાન તમને ઘણી વખત લાગુ પડતું હોય તેવા વિધાન સામે "મ" ફરતે વર્તુળ કરો.**
* જે વિધાન તમને થોડા સમય માટે લાગુ પડતું હોય ત્યાં "ક" ફરતે વર્તુળ કરો.
* જે વિધાન તમને કયારેક અથવા તો બિલકુલ લાગુ પડતું ન હોય ત્યાં "ન" ફરતે વર્તુળ કરો.

| | વિધાન | ઘણો વખત | થોડો વખત | કયારેય/ કદી નહી |
|---|---|---|---|---|
| (ક) | | | | |
| ૨૧. | નોકરો ન આવે અથવા બિમાર પડે ત્યારે પરિવારના સભ્યોએ કામ કરી લેવું જોઅ | મ | ક | ન |
| ૨૨. | નોકરો અથવા માતા દ્વારા ટીફીન તૈયાર કરવામાં ન આવ્યું હોય તો ટીફીન વગર કોલેજ જાઉં છું | મ | ક | ન |
| ૨૩. | કુટુંબના સભ્યોમાં જો સમયનો અભાવ હોય તો જ શારીરિક શ્રમવાળા કાર્યો માટે નોકરી રાખવા જોઇએ | મ | ક | ન |
| ૨૪. | જો નોકરો દ્વારા મારા બુટ/સેન્ડ ને પોલીસ કરવામાં ન આવ્યો હોય તો હું તેના વગર ચલાવી લઉં છું. | મ | ક | ન |
| ૨૫. | નોકરો રાખવાને બદલે કુટુંબના સભ્યોએ બાગકામ જેવું કાર્ય કરવું જોઇએ. | મ | ક | ન |
| ૨૬. | નોકર રજા ઉપર હોય તો દરરોજ સાફ, કર્યા સિવાયના બાથરુમ, સંડાસનો ઉપયો કરું છું. | મ | ક | ન |
| ૨૭. | નોકરો હોવા છતાં મારો રુમ હું મારી જાતે જ સાફ કરું છું. | મ | ક | ન |
| ૨૮. | ડબ્બાઓ, દરવાજા, અથવા કૂંડા જાતે રંગવાને બદલે પૈસા આપી અન્ય પાસે રંગાવવાનું હું પસંદ કરું છું. | મ | ક | ન |
| ૨૯. | નોકર ન હોય ત્યારે નવાં-નવાં વાસણો કાઢવાને બદલે વાપરેલા વાસણો સાફ કરી તેનો જ ઉપયોગ કરું છું. | મ | ક | ન |
| ૩૦. | કમ્પાઉન્ડ, બગીચો તથા ફળીયું સાફ કરવા હું ભાડૂતી સેવાઓ લઉં છું. | મ | ક | ન |

કેટલાંક નૈતિક મુલ્યો દર્શાવતા વિધાનોની યાદી નીચે આપેલી છે.
જો તમે-

* મહદઅંશે એ વિધાન સાથે સંમત થતા હોય તો "મ" ફરતે વર્તુળ કરો.

* કેટલેક અંશે એ વિધાન સાથે સંમત થતા હોય તો "ક" ફરતે વર્તુળ કરો.

* નહીવત અંશે અથવા બિલકુલ સંમત ન થતા હોય તો "ન" ફરતે વર્તુળ કરો.

| | વિધાન | મહદ અંશે | કેટલેક અંશે | નહીવત/ બીલકુલ નહી |
|---|---|---|---|---|
| (ક) | | | | |
| ૩૧. | સ્ત્રીઓની આર્થિક સ્વતંત્રતા કુટુંબનો મોભો વધારે છે. | મ | ક | ન |
| ૩૨. | સ્ત્રીઓને વેતન આપવું તે સષ્ટિ બગાડ છે. | મ | ક | ન |
| ૩૩. | આર્થિક સ્વતંત્રતા સ્ત્રીઓને તેઓના રોજીંદા પ્રશ્નો ઉકેલવાની પ્રેરણા આપે છે. | મ | ક | ન |
| ૩૪. | સ્ત્રીઓની આવક ગૌણ હોઇ તેમને કામ કરવાની જરુર ઓછી છે. | મ | ક | ન |
| ૩૫. | સ્ત્રીઓની આર્થિક સ્વતંત્રતા કુટુંબને પોષણક્ષમ આહાર અને આહારમાં વિવિધતા લાવવામાં મદદ કરશે. | મ | ક | ન |
| ૩૬. | કોઇપણ વ્યવસાયમાં જવા કરતાં કોઇ ઉંચા પગારવાળા પુરુષ સાથે લગ્ન કરી લેવાં સારા | મ | ક | ન |
| ૩૭. | સ્ત્રીઓની આર્થિક સ્વતંત્રતા ગૃહ સંચાલન સરળતા લાવે છે. | મ | ક | ન |
| ૩૮. | આર્થિક સ્વતંત્રતા સ્ત્રીઓને સમાજમાં બીનજરુરી આઝાદી આપે છે. | મ | ક | ન |
| ૩૯. | આર્થિક સ્વતંત્રતા સ્ત્રીઓના વિકાસમાં ફાળો આપે છે. | મ | ક | ન |
| ૪૦. | સ્ત્રીઓની આર્થિક સ્વતંત્રતા તેમને નોક અને બાળ સંભાળ કેન્દ્રો ઉપર અવલંબિત કરે છે. જ્યારે બાળ વિકાસ જીવનનું અગત્યનું પાસું છે. | મ | ક | ન |

| વિધાન | મહદ અંશે | કેટલેક અંશે | નહીવત/ બીલકુલ નહી |
|---|---|---|---|
| (ઈ) | | | |
| ૪૧. મહીલાઓ જો એકતા કેળવે તો તેઓ તેમના અધિકાર માટે વધુ સારી રીતે જહેમત ઉઠાવી શકે. | મ | ક | ન |
| ૪૨. સામુહિક પ્રવૃત્તિઓને કારણે મહિલા સસ્થામાં દુશ્મનાવટ રહે છે | | ક | ન |
| ૪૩. સામુહિક પ્રવૃત્તિઓ મહિલાઓને પ્રવૃત્ત રાખે છે. | મ | ક | ન |
| ૪૪. મહિલા સંગઠનો ઓછા પ્રગતિશીલ હોય છે. | મ | ક | ન |
| ૪૫. એક જુથ અથવા સંગઠનના સભ્ય તરીકે સ્ત્રીઓ વધુ માન્યતા મેળવી શકે છે. | મ | ક | ન |
| ૪૬. મહીલા સંગઠનો કલ્યાણ પ્રવૃત્તિ કરતાં પ્રસિધ્ધિ માટે જ કાર્ય કરે છે. | મ | ક | ન |
| ૪૭. સામુહિક હિતની સમસ્યાના ઉકેલ માટે જૂથ સારી મદદ કરી શકે. | મ | ક | ન |
| ૪૮. સામૂહિક પ્રવૃત્તિઓ સ્ત્રી વર્ગમાં બીનજરુરી સ્પર્ધાત્મકતા ઉભી કરશે. | મ | ક | ન |
| ૪૯. સંગઠનો સ્ત્રીઓને પરસ્પર સમજવા માટે મદદ કરશે. | મ | ક | ન |
| ૫૦. મહિલા સંગઠનો તેમનાં સભ્યો વચ્ચે સામાજિક અને આર્થિક અંતર વધારશે. | મ | ક | ન |

(II) સૂચના: નીચે કેટલીક પરિસ્થિતિઓ દર્શાવી છે, જે તમારા ઘરમાં, કોલેજમાં તેમજ અન્ય સ્થળોએ અવારનવાર રોજીંદા જીવનમાં અનુભવો છો. આવી પરિસ્થિતિ ઉપસ્થિત થાય તે સમયે તમે શું કરશો? દરેક પરિસ્થિતિ માટે ત્રણ વિકલ્પો આપવામાં આવ્યા છે. સંબંધિત પરિસ્થિતિમાં તમે જે નિર્ણય લેવાનું પસંદ કરો તે વિકલ્પ સાથે આપવામાં આવેલ જગ્યામાં(✓)ની નિશાની કરો. મહેરબાની કરીને કોઇપણ બાબત જવાબ આપ્યા વગર ખાલી રાખશો નહી.

(અ)

૧. તમારા ભાઇ-બહેનને ત્યાં દિકરીનો જન્મ થયેલ છે. તમારા મિત્રો તેની ઉજવણી માંગે છે. તમે શું પસંદ કરશો?

______(ક) છોકરીનાં જન્મની ખુશાલીમાં સામાન્ય રીતે જલેબી વહેંચાય છે, તો તેમ પણ જલેબી વહેંચશો?

______(ખ) તમે છોકરો અથવા છોકરીને સરખું જ મહ્ત્વ આપતા હોઇ પેંડા જ વહેંચશો.

______(ગ) ઉજવણી જ નહી કરો.

૨. તમે તમારી શિષ્યવૃત્તિનાં પૈસામાથી તમારા નાના ભાઇઓને અને બહેનોને માટે ભેટ ખરીદવા ઇચ્છો છો, તમે શું ભેટ આપશો?

_______(ક) ક્રિકેટના સાધનોનો સેટ તમારા ભાઇ માટે અને બહેન માટે ઢીંગલી.

______ (ખ) ભાઇ માટે બંદૂક અને બહેન માટે ઘેલકી (કિચન સેટ)

______ (ગ) બન્ને માટે સરખી જ રમતોના સેટ.

૩. ઉનાળાની સખત ગરમીની રજાઓ છે. તમે અને તમારો ભાઇ ચડ્ડી અને ટી-શર્ટ પહેરીને ઘરમાં બેઠા છો, તે સમયે કોઇ મહેમાન આવે તો તમારા મંતવ્ય પ્રમાણે યોગ્ય વિકલ્પ શું હોઇ શકે?

_____(ક) તમે અંદર જતા રહેશો અને તમારો ભાઇ મહેમાનોની આગતા સ્વાસ્વાગતા કરશે.

_____(ખ) તે જ પોષાકમાં તમે મહેમાનોની આગતા સ્વાગતા કરશો.

_____(ગ) તમે અંદર જઇ પોષાક બદલીને આવશો અને તમારો ભાઇ ત્યાં સુધી તે જે પોષાકમાં છે તેમાં જ મહેમાનોની આગતા સ્વાગતા કરશે.

૪. તમારી બહેનપણી કે જે ભણવામાં ખૂબ જ હોશિયાર છે તે તેનો ઉચ્ચ અભ્યાસ ચાલુ રાખી શકે તેમ નથી કારણ કે તેના કુટુંબની એવી ઇચ્છા છે કે તેના ભાઇને વધુ સારી તક પુરી પાડવા મોંઘી કોલેજમાં ભણાવવો જરુરી છે. આ પરિસ્થિતિમાં તમે શું પ્રતિભાવ આપશો?

_____(ક) માતા પિતાની વાત વ્યાજબી છે.

_____(ખ) તમારી મિત્રને ભલે સ્થાનિક કોલેજમાં પણ વધુ અભ્યાસની તક આપવી જોઇએ.

______(ગ) બન્ને જણાયે પાર્ટ ટાઇમની નોકરી સ્વીકારી તે જ કોલેજમાં વધુ અભ્યાસ ચાલુ રાખવો જોઇએ।

૫. નજીકનાં ગામમાં મોડી સાંજના એક મનોરંજન કાર્યક્રમ છે, તમે અને તમારો ભાઇ આ કાર્યક્રમ જોવા ઇચ્છો છો, તમારા માતા પિતા રજા આપતા અચકાય છે. તમે આ પરિસ્થિતિ કેવી રીતે સંભાળશો?

______(ક) તમે વહેલા પાછા આવી જશો પરંતુ તમારો ભાઇ અને તેના મિત્રો કાર્યક્રમ પત્યા પછી આવશે.

______(ખ) તમે બન્ને થોડા વહેલા અથવા કાર્યક્રમ પત્યા પછી જોડે જ ઘેર પાછા આવશો.

______(ગ) તમારો ભાઇ જશે જ્યારે તમે તમારા માતા પિતાની સાથે સંમત થઇ ઘેર જ રહેશો.

(બ)

૬. આ વર્ષે તમે તમારા જન્મદિનની ઉજવણી કરવાનું આયોજન વિચારો છો, તમે શું પસંદ કરશો?

_______(ક) ફકત તમારા મિત્રોને રાત્રિભોજન માટે બોલાવશો.

______ (ખ) તમારા મિત્રોને ફકત આઇસ્ક્રીમ અને તમારા સ્નેહી સંબંધીઓ અને કુટુંબના સભ્યો માટે ભોજનની વ્યવસ્થા કરશો.

______(ગ) તમારા મિત્રોને ખાસ રાત્રિભોજન માટે આમંત્રણ આપશો અને કુટુંબના સભ્યો માટે ફકત આઇસ્ક્રીમ આપશો.

૭. તમારા ઘરડાં તમારાથી દૂર રહે છે, હાલમાં તેઓ માંદા પડયા છે, તે ખૂબ જ સંપન્ન છે અને ઘરડા ઘરમાં અથવા નર્સીંગ હોમમાં પૈસા ખર્ચીને રહી શકે તેમ છે. તેની સાર સંભાળ માટે તમે શું કરશો?

_____(ક) તેમને તમારા ઘેર લઇ આવશો અને તમારા કુટુંબના અન્ય સભ્યોની મદદ વડે તેમની સારસંભાળ લેશો અને શકય હોય તો પાર્ટ ટાઇમ નર્સ રાખશો.

_____(ખ) અન્ય સંબંધીને ઘેર મોકલશો.

______(ગ) તેઓ જ્યાં રહે છે ત્યાં એક એક ઘેર રહીને કામ કરે તેવી નર્સની વ્યવસ્થા કરશો.

૮. તમારા પિતરાઇ અને સંબંધીઓની સાથે કૌટુંબિક સભ્યોના મેળાવડાનું આયોજન તમે કેટલી વાર કરો છો?

______(ક) લગ્ન જેવા ખાસ પ્રસંગે.

_____ (ખ) જન્મદિવસ અને ધાર્મિક તહેવારો જેવા પ્રસંગોએ વર્ષમાં ત્રણ ચાર વખત.

_____(ગ) પાંચ દશ વર્ષે અથવા કયારેય નહી.

૯. તમારા મિત્રોએ અઠવાડીક રજાઓનાં દિવસોમાં ઉજવણીનું આયોજન કર્યું છે અને તે જ દિવસોમાં તમારા કોઇક સંબંધી જે તમારાથી ઘણા દુર રહે છે તેઓ પણ આવવાના છે, તો તમે-

_____(ક) તમારા મિત્રો સાથે ઉજાણીમાં જશો.

_____(ખ) તમારા સંબંધીને મળવા માટે તમે ઘેર રહેશો.

_____(ગ) તમારા મિત્રોની સાથે શનિવારે જશો અને રવિવારે સંબંધી સાથે સમય ગાળવા પાછા આવશો.

૧૦. તમારું કુટુંબ અને તમારા કાકાનું કુટુંબ ડુપ્લેક્ષ ટાઇપનાં મકાનમાં રહે છે, કેટલીક મનોરંજન પ્રવૃત્તિઓ (દા. ત. ઉજાણી, ખરીદી, મનોરંજન કાર્યક્રમો) ધાર્મિક (દા. ત. કથા, પૂજા), સામાજિક (દા. ત. મેળો, લગ્ન, પાર્ટી) ઘરગથ્થુ કામકાજો (દા. ત. સાફસફાઇ), બાગકામ, ગૃહ સુશોભન, કપડાં ધોવાનું કામ વગેરેમાં મોટે ભાગે તમે Ck પ્રવૃત્તિ કેવી રીતે કરવાનું પસંદ કરશો?

_____(ક) તમારા ભાઇ-ભાંડુ અને તમારી ઉંમરના પિતરાઇ ભાઇ બહેનોનાં જૂથ સાથે.

_____(ખ) બન્ને કુટુંબના સભ્યો સાથે (યુવાન/વૃધ્ધ)

_____(ગ) ફક્ત તમારા જ ભાઇ ભાંડુ સાથે.

(ક)

૧૧. આનંદ મેળામાં તમારા વર્ગને સેન્ડવીચ નો સ્ટોલ રાખવાનું કહેવામાં આવે છે. તમે એક દુકાન જાણો છો કે જ્યાં સેન્ડવીચ થોડાક વધુ ભાવે વેચવામાં આવે છે. તમારો વર્ગ સ્ટોલ બાબતે શું કરશે?

_____(ક) સ્ટોલ માટે પુરસ્કર્તાઓ મેળવી તૈયાર સેન્ડવીચ તે દુકાનેથી ખરીદી અને તેને વધુ ઉંચા ભાવે વેચવી.

_____(ખ) તમારા અન્ય સહાધ્યાયીઓની મદદથી સેન્ડવીચ જાતે બનાવી વેચવી.

______(ગ) ચટણી, સોસ અને સેન્ડવીચમાં મુકવા માટેનું પુરણ તે દુકાનમાંથી ખરીદી અને ફક્ત સેન્ડવીચ જ જાતે બનાવી વેચવી.

૧૨. ધારો કે ગઇકાલે ખૂબ જ તોફાની વંટોળ હતો, જેનાથી તમારું આખું ઘર ધૂળથી ભરાઇ ગયું છે. તમારી નોકરાણી એવો સંદેશો મોકલે છે કે કાં તો તે મોડી આવશે અથવા આવતીકાલે આવશે, તમે શું કરશો?

_____(ક) ઘર જાતે જ સાફ કરશો.

_____(ખ) નોકરાણી આવે ત્યાં સુધી એવું ને એવું જ રહેવા દેશો.

_____(ગ) ફક્ત તમારો ઓરડો જ સાફ કરશો.

૧૩. કોલેજમાં વાર્ષિક દિનની ઉજવણીની જાહેરાત થાય છે. પરંતુ સંસ્થાના ચોથા વર્ગના કર્મચારીઓ હડતાળ ઉપર છે. તેથી સરખી સાફ-સફાઇ અને બેઠક વ્યવસ્થા થઇ શકી નથી, વળી આ કાર્યક્રમ અનિવાર્ય કારણોસર મોકૂફ રાખી શકાય તેમ નથી. આ સંજોગોમાં તમારા મત પ્રમાણે શું કરવું જોઇએ?

______(ક) વાર્ષિક દિન ઉજવવાનું બંધ રાખવું જોઇએ.

______(ખ) તને અને તમારા સાથી મિત્રો અને વિદ્યાર્થીઓએ સ્વયંસેવક તરીકે આગળ આવી સાફ-સફાઇ તેમજ બેઠક વ્યવસ્થાનું કામ ઉપાડી લઇ વાર્ષિક દિનની કામગીરીનું સંચાલન કરવું જોઇએ.

______(ગ) તમામ વિદ્યાર્થીઓ પાસેથી પૈસા ભેગા કરી બહારથી બીજા કામદારોને બોલાવી તમામ કામ કરાવી અને વાર્ષિક દિનની ઉજવણી કરવા જોઇએ.

૧૪. તમારા ઘરમાં સુંદર બગીચો છે. પરંતુ માળી અન્યત્ર ગયેલ છે. તમને નવો માળી મળ્યો નથી, તો તમે શું કરશો?

______(ક) આ જવાબદારી તમારા કુટુંબના અન્ય સભ્યોને સોંપી દેશો.

______(ખ) બીજો માળી મળે ત્યાં સુધી છોડની તમે કાળજી લેશો.

______(ગ) બગીચાને અન્ય માળી મળે ત્યાં સુધી એમને એમ રહેવા દેશો.

૧૫. તમારી સંસ્થા/વિભાગ એક સેમીનાર / મીટીંગનું આયોજન કરે છે. વિદ્યાર્થીઓએ સ્વૈચ્છિક રીતે જવાબદારી ઉપાડી ખર્ચ ઓછો થાય તેમ કરવાનું છે. તમે કયા જૂથમાં જોડાવાનું પસંદ કરશો?

______(ક) સ્વાગત

______(ખ) આમંત્રિતોને ચ્હા, કોફી, નાસ્તો, જમવાનું અથવા અન્ય ખાવા-પીવા બાબતની સંભાળ રાખશો.

______(ગ) ફર્નીચર ની ગોઠવણી કરશો, વાસણોની સાફ-સૂફી કરશો અને ઓરડાઓ સાફ કરશો.

(ડ)

૧૬. તમારી યુનિવર્સિટીમાં પરીક્ષાઓ મોડી થવાથી સ્નાતક થયા બાદ સારી નામાંકીત સંસ્થામાં અનુસ્નાતક અભ્યાસ માટે પ્રવેશ લેવામાં તમે ચૂકી ગયા. તમે આવતા વર્ષે શું કરશો?

______(ક) વર્ષ દરમ્યાન આરામ કરશો.

______(ખ) સમય પસાર કરવા કોઈબી કલાસમાં જોડાશો.

______(ગ) કોમ્પ્યુટર, ટાઈપીંગ અને શોર્ટહેન્ડ, ભાષા સુધારણાના વર્ગો, જેવા ટૂંકા ગાળા ના વ્યાવસાયિક અભ્યાસક્રમમાં જોડાશો.

૧૭. હાલમાં પૈસાદાર અને યોગ્ય લાયકાત ધરાવતી વ્યકિત કે જે અન્ય સ્થળે કામ કરે છે તેના તરફથી ખૂબ જ સારી કહેવાય તેવી તમારા લગ્ન અંગેની દરખાસ્ત આવેલ છે. તેનું કુટુંબ તરત જ લગ્ન કરવા માંગે છે. તમે સ્વીકારશો, જો તે-

______(ક) આ અભ્યાસ પુરો કરવાની છૂટ આપે તેમજ આ લાયકાત દ્વારા મળતી પાર્ટ ટાઈમ અથવા નિમ્ન કક્ષાની નોકરી હોય તો પણ કરવાની છૂટ આપે.

______(ખ) આ અભ્યાસ પુરો કરવાની છૂટ ન આપે તો પણ.

______(ગ) ઉચ્ચ અભ્યાસ માટે અને નોકરી કરવાની છૂટ આપે તો જ.

૧૮. તમને નામાંકીત સંસ્થામાં નોકરી માટે પસંદ કરવામાં આવ્યા છે. તેઓ તમને તમારી આવડત વધુ સારી બનાવવા યોગ્ય નોકરી પૂર્વેની તાલીમ લેવા જણાવે છે. પરંતુ આ તાલીમ દરમ્યાન લાંબો સમય તમારે ઘરથી દુર રહેવાની જરુર પડે તેમ છે, તો તમે-

______(ક) તે દરખાસ્ત સ્વીકારી નોકરી પૂર્વેની તાલીમ લેવા જશો.

______(ખ) તે દરખાસ્તને ઠુકરાવી તમારા કુટુંબનું જ ધ્યાન રાખશો.

_____(ગ) નિમ્ન કક્ષાની હોય તો પણ તમારા પોતાના જ ગામમાં નોકરી સ્વીકારશો.

૧૯. મીની ઉચ્ચ લાયકાત ધરાવતી અને કાર્યક્ષમ સ્ત્રી છે, જેનું લગ્ન એક સાધન સંપન્ન પરંતુ રુઢિચુસ્ત કુટુંબમાં થયેલ છે, તે કુટુંબના કોઇપણ સ્ત્રી કામ કરતી નથી, વ્યકિતગત જરુરિયાત સામાન્ય રીતે સંતોષાય છે, મીનીને લાગે છે કે, ઘણો ફાજલ સમય છે, આ પરિસ્થિતિમાં મીનીએ

______(ક) કુટુંબની પ્રણાલી પાળવી જોઇએ.

______(ખ) નોકરી લઇ આર્થિક રીતે સ્વતંત્ર બનવું જોઇએ.

______(ગ) શોખની પ્રવૃત્તિમાં તેણે સમય ગાળવો જોઇએ.

૨૦. મીના એક કામ કરતી મહીલા છે, તેના પ્રથમ બાળકની સાર સંભાળ માટે તે નોકર રાખે છે, તેના નોકરની અનિયમિતતા ને લીધે તે સતત તાણગ્રસ્ત રહે છે, અને તેની નોકરીમાં નિયમિતતા જાળવી શકતી નથી. આ સંજોગોમાં જો તે નોકરી છોડી દે તો આર્થિક રીતે તે સંપૂર્ણપણે તેના પતિ પર આધારિત થઇ જાય, તે અને તેનો પતિ બન્ને બીજા બાળક અંગે આયોજન કરે છે, તમે તેને શું સૂચવો છો?

______(ક) કાયમ માટે નોકરી છોડી દેવી.

_____ (ખ) બાળકને તો સાસરે અથવા પિયરમાં માતા-પિતા પાસે અથવા કે સેન્ટરમાં થોડો સમય રાખવું અને નોકરી ચાલુ રાખવી.

_____(ગ) બાળક મોટું થાય ત્યાં સુધી નોકરીથી રજા લેવી.

(૬)

૨૧. તમારા ઘર પાસે આવેલી યુથ કલબનાં તમે સભ્ય છો, પહેલાં આ કલબમાં ઘણી સારી સભ્ય સંખ્યા અને પ્રવૃત્તિ હતી. પરંતુ હવે ફકત તે નામની જ ચાલે છે, તો તમે

______(ક) તમારા મિત્રોને તેમાં જોડાવવા માટે સમજાવશો અને કલબની પુરાણી રોનક પાછી લાવશો.

______(ખ) તમે સભ્યપદ છોડી દેશો અને તમે પોતે કરી શકો તેવી કોઇ પ્રવૃત્તિ કરશો.

______(ગ) કલબનાં હોદેદારો ને એમ કહેશો કે કલબની પ્રવૃત્તિઓ સુધારો નહી તો તમે સભ્યપદ છોડી દેશો અને અન્ય જુથ પ્રવૃત્તિમાં જોડાશો.

૨૨. લક્ષ્મીબાઇ ગામનાં મહીલા નેતા છે, ગામની સ્ત્રીઓને ગામથી ખ કિ.મી. દુર આવેલા સ્થળે પાણી ભરવા જવું પડે છે, અને ત્યાં પણ મોટે ભાગે પાણી પૂરવઠો ઓછો છે, તમે તે વિસ્તારનાં વિસ્તરણ કાર્યકર હો તો, તમે લક્ષ્મીબાઇને શું કરવા સુચવશો?

_______(ક) ગામની સ્ત્રીઓને પાણીને પ્રશ્ને જેમ છે તે જ સહન કરવા કહેશો, કારણ કે, તેમનાં ગામ સુધી પાણી પુરું પાડવું અતિ મુશ્કેલ તેમજ ખર્ચાળ છે.

_______(૨) તેણે તેના ભાઇ અથવા પતિ સાથે કલેકટરને મળવા જઇને પાણીનો પુરવઠો તેમના ગામે મળી રહે તેવી સગવડ કરવા કહેશો.

_____(ગ) ગામની તમામ સ્ત્રીઓ ને એકઠી કરી પાણીની સગવડ પોતાના જ ગામમાં કરવા માટેનું કહેવા કલેકટરને મળવા જવાનું કહેશો.

૨૩. કેટલીક સ્થાનિક સામાજિક/ધાર્મિક, શૈક્ષણિક સંસ્થાઓમાં આપ જાતે અથવા અન્યની સમજાવટથી સભ્ય બન્યા છો?

_______(ક) મારી પોતાની ઇચ્છાથી ઘણી સંસ્થાઓમાં સભ્ય બની છું, પણ તેમાંની કેટલીક ફક્ત કાગળ પર જ અને કેટલીક ઘણી પ્રવૃત્તિશીલ છે.

_______(ખ) કોઇપણ નહી.

_______(ગ) એક સંસ્થામાં જે થોડી ઘણી પ્રવૃત્તિશીલ છે તેમાં મારા શિક્ષક/મિત્રોની સમજાવટ બાદ હું સભ્ય બનેલ છું.

૨૪. ગૃહ વિજ્ઞાન યુવતીઓ માટે અભ્યાસનું એક સારું ક્ષેત્ર છે, બધાં જ રાજ્યોમાં ગૃહ વિજ્ઞાનની કોલેજો છે, જ્યારે કેટલાકમાં ઘણી છે, કેટલાક સ્થાનિક/ રાજ્યના સક્રિય ગૃહ વિજ્ઞાન એસોસીએશનનો પણ છે, એક વિદ્યાર્થી તરીકે તમે ગૃહ વિજ્ઞાન એસોસીએશનનાં સભ્ય બનશો?

______(ક) હા, કેમ કે એક જૂથ તરીકે તમને વધુ સારી માન્યતા મળશે.

_____ (ખ) ના, એક જૂથ કરતાં વ્યક્તિગત રીતે કામ કરવું વધુ સુગમ છે.

_____ (ગ) જો તેમાં સરખો જ અભ્યાસ કાર્યક્રમ અને પશ્ચાદભૂમિકા હશે અને તે યોગ્ય પ્રવૃત્તિશીલ હશે તો જ.

૨૫. સરકારી/પંચાયત/સ્વૈચ્છિક સંસ્થાએ સ્થાનિક સમાચારપત્રોમાં સ્ત્રીઓ માટે આવક ઉભી કરનાર એકમોની વ્યક્તિગત અથવા જૂથ યોજના હાથ ધરવા માટે જાહેરાત કરેલ છે. તમે શું પસંદ કરશો?

______(ક) વ્યક્તિગત યોજના હાથ ધરાશે.

_____ (ખ) તેની અવગણના કરશો.

_____ (ગ) યુથ કલબનાં સભ્યોને કોઇ યોજના હાથ ધરવા સમજાવશો.